# ગેસ્ટ લેક્ચર



## કનૈયાલાલ માણેકલાલ મુનશી વ્યાખ્યાન માળા અંતર્ગત ભાષા વિજ્ઞાનનો પરિચય એ વિષય પરનું વ્યાખ્યાન

(અહેવાલ-હેમંત ભટ્ટ, ડાકોર)

ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર સંચાલિત ભવન્સશ્રી ઈશ્વરલાલ એલ.પી.આર્ટસ પ્રસાયન્સ એન્ડ જે.શાહ કોમર્સ કૉલેજમાં સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે કનૈયાલાલ માણેકલાલ મુનશી વ્યાખ્યાન માળા અંતર્ગત ભાષા વિજ્ઞાનનો પરિચય એ વિષય પરનું વ્યાખ્યાન ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.ટી.આર.ત્રિવેદી સાહેબના અધ્યક્ષ સ્થાને તા.૧૦/૮/૨૦૨૪ ના રોજ યોજવામાં આવ્યું.

પ્રાર્થના બાદ ગુજરાતી વિષયના પ્રાધ્યાપિકા ડૉ.શીતલબેન માછીએ મંચસ્થ મહાનુભાવોનો શાબ્દિક પરિચય કરાવી, ભાષાના કાર્ય વિશે વાત કરી.સંસ્થાના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.ટી.આર.ત્રિવેદીએ પ્રાસંગિક ઉદ્બોધન કરી, ગુજરાતી ભાષાના મહત્વને સમજાવી, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.આર્ટસ વિભાગના સંયોજક ડૉ.એ.કે.ચૌધરી અને નેક તથા ઈનોવેશન કલબના સંયોજક ડૉ. સહજ ગાંધી તથા ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા. એમ.સી પટેલ અને અનુસ્નાતક વિભાગના સંયોજક ડૉ. વિરલભાઈ પટેલે સૌને આવકાર્યા હતા.વ્યાખ્યાનના મુખ્ય વિષય નિષ્ણાંત ડૉ.મહેન્દ્ર નાયીએ ભાષામાં કાર્ય પ્રકારણના સંબંધ વિશે, ભાષાના ધ્વનિ ઘટકો વિશે અને ભાષાની પરિવર્તનશીલતા વિશે વિગતે ઉદાહરણ સાથે સચોટ રજૂઆત કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિષયના પ્રાધ્યાપિકા ડૉ.શીતલબેન માછીએ કર્યું. આ વ્યાખ્યાનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓ જોડાયા હતાં.



# સેમિનાર






અવધ એક્સપ્રેસ મયુર જાની

## ભવન્સ કોલેજ, ડાકોરમાં ‘સાહિત્યમાં સામાજિક સમરસતા’ વિષય પર સેમિનારનો યોજાયો



# ભવન્સના વિદ્યાર્થીઓએ સેમિનારમાં ભાગ લીધો









**અનુસ્નાતક સંસ્કૃત વિભાગ સરદાર પટેલ યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે 'ભારતના આધુનિક ચિંતકો' અંગે એક દિવસીય સેમિનાર.**

# મ્યુઝિયમની મુલાકાત




## અનુસ્નાતક ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓની સરદારપટેલ યુનિવર્સિટીમાં આવેલ મ્યુઝિયમની મુલાકાત

# કાર્યક્રમ



નડિયાદ, તા.૨૬

ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર સંચાલિત ભવન્સ કોલેજ, ડાકોરના ગુજરાતી અનુસ્નાતક વિભાગમાં જ્ઞાનપીઠ એવોર્ડ પુરસ્કૃત કવિવર ઉમાશંકર જોશીની જયંતીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ભવન્સ કોલેજના આચાર્ય ડો.ટી.આર. ત્રિવેદીએ ઉમાશંકર જોશીના વિવિધ સ્વરૂપોના યોગદાન વિશે વાત કરી હતી.

આર્ટ્સ વિભાગના સંયોજક ડો.એ.કે. ચૌધરી, નેક સંયોજક ડો.સહજભાઈ ગાંધી તેમજ પી.જી. ઈન્ચાર્જ ડો.વિરલ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.રાજેશ્વરી ઠાકોરે અને કાર્યક્રમની આભારવિધી પ્રા.રશ્મિકા સોલંકીએ કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉમાશંકર જોશીના જીવન અને સર્જન વિશે વિસ્તારથી રજૂઆત કરી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



ચરોતરભૂમિ તા.૩૦-૦૭-૨૦૨૪ મંગળવાર

ભવન્સ કૉલેજ, અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં "ઉમાશંકર જોશી જયંતી કાર્યક્રમ યોજાયો

ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર સંચાલિત ભવન્સ કોલેજ ડાકોર, ગુજરાતી અનુસ્નાતક વિભાગમાં જ્ઞાનપીઠ એવોર્ડ પુરસ્કૃત કવિવર ઉમાશંકર જોશીની જયંતી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ભવન્સ કોલેજના આચાર્યશ્રી ડો. ટી. આર. ત્રિવેદીએ ઉમાશંકર જોશી ના વિવિધ સ્વરૂપોના યોગદાન વિશે વાત કરી સાથે આર્ટસ વિભાગના સંયોજક ડો. એ. કે. ચૌધરી, નેક સંયોજક ડો. સહજભાઈ ગાંધી તેમજ પી. જી. ઈન્ચાર્જ ડો. વિરલ પટેલે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા સાથે વિદ્યાર્થીઓનો ઉત્સાહ પણ વધારી આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. રાજેશ્વરી ઠાકોરે કર્યું હતું અને કાર્યક્રમની આભાર વિધિ પ્રા. રશ્મિકા સોલંકીએ કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉમાશંકર જોશીના જીવન અને સર્જન વિશે વિસ્તારથી રજૂઆત કરી હતી સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



ભવન્સ કૉલેજ, અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં "ઉમાશંકર જોશી જયંતી" કાર્યક્રમ ઉજવણી

# કાર્યક્રમ



## ભવન્સ કોલેજ, ડાકોરમાં સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં 'સર્જક રાવજી પટેલની પુણ્યતિથિ નિમિત્તે સ્મૃતિ વંદના ' કાર્યક્રમ" યોજાયો

ભારતીય વિદ્યાભવન કેન્દ્ર સંચાલિત ભવન્સ કોલેજ ,ડાકોરમાં સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે ' સર્જક રાવજી પટેલ'ની પુણ્યતિથિ નિમિત્તે સ્મૃતિ વંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ભવન્સ કોલેજના આચાર્ય શ્રી ડૉ. ટી.આર.ત્રિવેદી ,આર્ટસ વિભાગના સંયોજક ડૉ. એ. કે. ચૌધરી, નેક સંયોજક ડૉ. સહજભાઈ ગાંધી, પી.જી. ઈન્ચાર્જ ડૉ. વિરલ પટેલ અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા.એમ.સી.પટેલ તથા મુખ્ય અતિથિ કે.બી.શાહ અને રઘુભાઈ જોશી તથા વડીલોએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતાં. સાથે રઘુભાઈ જોશીએ રાવજી પટેલના જીવન અને કવન અંગે વિસ્તૃત વાત કરી અને કે.બી શાહ સાહેબે રાવજી પટેલના એક માત્ર કાવ્યસંગ્રહ 'અંગત' માંથી 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...'રચનાનું અદ્ભુત રીતે ગાન કર્યું હતું. વિદ્યાર્થી અભિવ્યક્તિમાં મકવાણા કેજલ .એચ 'રાવજી પટેલના જીવન કવન 'વિશે, રોહિત સ્મિતલ.પી એ 'મારી આંખે કંકુના' એનું કાવ્યગાન , ખાંટ રવિના.સી એ ' ઝંઝા ' નવલકથા વિશે ,સોલંકી નિશાએ ' મારી આંખે કંકુના સૂરજ ' નું કાવ્ય પઠન સોઢા પરમાર વિષ્ણુએ 'અશ્રુઘર ' નવલકથા વિશે સમીક્ષાત્મક રજૂઆત કરી. ત્યારબાદ બધાંએ ભેગાં મળીને ડાકોર સ્થિત રાવજી પટેલના સ્મૃતિ સ્મારકે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગામના અગ્રણી વડીલો ઉપસ્થિત રહ્યાં હતાં.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. રાજેશ્વરી ઠાકોરે અને આભારવિધિ પ્રા.રશ્મિકા સોલંકીએ કરી હતી.

સંદીપ સોની (ડાકોર)

ભવન્સ કૉલેજ ડાકોરમાં સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં 'સર્જક રાવજી પટેલની પુણ્યતિથિ નિમિત્તે સ્મૃતિ વંદના' કાર્યક્રમ

# કાર્યક્રમ








## ભવન્સ કૉલેજ, ડાકોરના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જયંતી નિમિત્તે સર્જક વંદના કાર્યક્રમ યોજાયો

(અહેવાલ : હેમંત ભટ્ટ)

ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર સંચાલિત ભારતીય વિદ્યા ભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ.પી.આર્ટસ સાયન્સ એન્ડ જે.શાહ કોમર્સ કૉલેજ ડાકોરના અનુસ્નાતક ગુજરાતી વિભાગમા તારીખ - ૨૮/૦૮/૨૦૨૫ નાં રોજ રાષ્ટ્રીય શાયર - ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતી નિમિત્તે સર્જક વંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જેમાં ભવન્સ કૉલેજ અનુસ્નાતક વિભાગના P.G ઈન્ચાર્જશ્રી ડૉ. વિરલ પટેલે ઝવેરચંદ મેઘાણીના જન્મ તથા સાહિત્ય વિશે વાત કરી સાથે ગુજરાતી ભાષાનાં વારસાને જાળવવા માટે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી. અનુસ્નાતક ગુજરાતી વિભાગના પ્રા.રશ્મિકા સોલંકી તથા ડૉ.રાજેશ્વરી ઠાકોરે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા સાથે આવા મૂર્ધન્ય કવિના સાહિત્યમાંથી પ્રેરણા લેવા સૂચન કર્યુ હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનુસ્નાતક ગુજરાતી વિભાગની એમ.એ. સેમ.-૧ ની વિદ્યાર્થીની અંજના પરમારે કર્યું હતું.

આ કાર્યક્રમમાં નિશા પરમારે ઝવેરચંદ મેઘાણીના જીવન અને સર્જન વિશે, વિધી પટેલ તથા હર્ષપાલ સોલંકીએ કાવ્ય પઠન, નિધિ ચાવડા તથા શ્રુતિ વાળંદે લોકગીત, અશ્વિન સોલંકીએ સિંહની દોસ્તી વાર્તા, આસિફાએ તમે (મેઘાણી) જો ના જન્મ્યા હોત વિશે,પંકજ પરમારે સોરઠ તારાં વહેતાં પાણી અને મિત્તલ પરમારે તુલસી ક્યારો વિશે, અંજના પરમારે સૌરાષ્ટ્રની રસધાર વિશે તથા વિજય ભરવાડે આભમાં ઊગેલ ચાંદલો ને...હાલરડાંની સુંદર રજૂઆત કરી હતી. કાર્યક્રમની આભારવિધિ આસિફા પઠાણે કરી હતી. આ કાર્યક્રમમાં અનુસ્નાતક ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ માટે ભારતીય વિદ્યા ભવન્સ કૉલેજ ડાકોર ના સેક્રેટરી શ્રીમતી નિકીતાબેન ગાંધી મેડમે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ભવન્સ કૉલેજ, ડાકોરના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં ‘રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જયંતી નિમિત્તે સર્જક વંદના’ કાર્યક્રમ

# કાર્યક્રમ





## વસંતને લગતા ગીતો રજૂ કરાયા

# ભવન્સ કૉલેજ ડાકોરમાં 'વસંતોત્સવ'ની ઉજવણી કરાઈ

ભવન્સ કોલેજ ડાકોરમાં 'વસંતોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. (તસ્વીર : મુકુંદ જોશી - ડાકોર)

ડાકોર, તા.૩

ભારતીય વિદ્યાભવન, ડાકોર કેન્દ્ર દ્વારા સંચાલિત ભારતીય વિદ્યા ભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ.પી. આર્ટ્સ-સાયન્સ એન્ડ જે. શાહ કોમર્સ કૉલેજના સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે "વસંતોત્સવ"નું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના આર્ટ્સ વિભાગના સંયોજક ડૉ. એ. કે. ચૌધરીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. પી.જી. ઈન્ચાર્જ ડૉ. વિરલભાઈ પટેલ, ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. એમ. સી. પટેલ, અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ.હાર્દિક ભટ્ટે હાજર રહીને વસંત પંચમીની શુભેચ્છાઓ આપી હતી.

ગુજરાતી વિભાગના અધ્યાપિકા ડૉ.શીતલબેન માછી અને ડૉ. રાજેશ્વરી કુમારી ઠાકોરે વસંત પંચમી અંગે રજૂઆત કરી. વિદ્યાર્થી અભિવ્યકિતમાં મકવાણા વર્ષાબેન ગણપતભાઈ, મકવાણા કેજલબેન હિરુભાઈ, ઝાલા નિકિતાબેન અર્જુનસિંહ, પરમાર દિપીકાબેન હસમુખભાઈ, પરમાર રાહુલભાઈ કે. એ વસંત પંચમીના મહત્વ વિશે વાત કરી. મીરા જાદવ, જિજ્ઞાસા પરમાર, હેતલ, વૈશાલીએ સરસ્વતી વંદના રજૂ કરી. સ્મિતબેન, અજયકુમાર, જિતેન્દ્રભાઈ વસંતને લગતા ગીત, ગઝલ રજૂ કર્યા.

કાર્યક્રમનું સંચાલન હિરલ

### કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા

ચૌહાને કર્યું. કાર્યક્રમનું આયોજન સ્નાતક કક્ષાના અધ્યાપિકા ડૉ.શીતલબેન માછી, પી.જી. વિભાગના અધ્યાપિકા રશ્મિકાબેન સોલંકી અને ડૉ.રાજેશ્વરી કુમારી ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના કા.આચાર્ય ડૉ. ટી. આર. ત્રિવેદી, આઇ.ક્યું.એ.સી. સંયોજક ડૉ.સહજભાઈ ગાંધી તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

## ભવન્સ કૉલેજ, ડાકોરના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં 'વસંતોત્સવ' ની ઉજવણી કરાઇ

# કાર્યક્રમ






Date.: 23-12-2025,Tuesday

## ભવન્સ કૉલેજ,ડાકોરમાં ' ભવાઈ ' ની પ્રસ્તુતિ અંગેનો કાર્યક્રમ યોજાયો

ભારતીય વિદ્યાભવન, ડાકોર કેન્દ્ર દ્વારા સંચાલિત ભારતીય વિદ્યાભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ.પી.આર્ટ્સ - સાયન્સ એન્ડ જે.શાહ કોમર્સ કોલેજ, ડાકોરના સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે તારીખ – ૧૨/૧૨/૨૦૨૫ ને શુક્રવારના રોજ 'ભવાઈ 'પ્રસ્તુતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમૂહમાં પ્રાર્થના બાદ,કુમકુમ અને અક્ષતથી તિલક અને ફૂલથી કલાકારો અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું.સ્વાગત બાદ ગાંધીનગર પાસેના રૂપાલ ગામના ભવૈયાઓ - રંગમંચના કલાકારો દ્વારા ભવાઈની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. એમના મુખ્ય નાયક સતીશભાઈ દૂધરેજિયાએ ભવાઈનું સ્વરુપ, વેશ,લોકગીત, માતાજીનો ગરબો ,સગડીઓ, ભૂંગળ વગેરે વિશે સચોટ સમજૂતી પોતાના વક્તવ્યમાં રજૂ કરી.ત્યારબાદ 'મહિયરની ચુંદડી ' નામના નાટકને ભવાઈમાં પ્રસ્તુત કર્યું.ભવાઈ આજના સમયમાં વિસરાઈ જતું સાહિત્ય સ્વરૂપ છે, જેને જાળવી રાખવાનો પ્રયાસ સતીશભાઈ દૂધરેજિયા અને તેમના સાથી રંગમંચ કલાકારો કરી રહ્યા છે.

આ કાર્યક્રમમાં કોલેજના માનદમંત્રીશ્રી નિકિતાબેન ગાંધી, કા.આચાર્ય શ્રી ટી. આર. ત્રિવેદી,"ઊછઝ ના સંયોજક ડૉ.સહજભાઈ ગાંધી, આર્ટ્સ વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ.એ.કે. ચૌધરી, અધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડૉ.શીતલબેન માછીએ અને આભારવિધિ અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા. રશ્મિકા સોલંકીએ કરી હતી. સહ સંયોજક તરીકે ગુજરાતી વિષયના અધ્યાપિકા પ્રા.આરતીબેન ઉપાધ્યાય અને ડૉ.રાજેશ્વરીકુમારી ઠાકોરે કામગીરી કરી હતી.

**ભવન્સ કૉલેજ, ડાકોરના સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં 'ભવાઇની પ્રસ્તુતિ' અંગેનો કાર્યક્રમ યોજાયો**

# લાઇબ્રેરીની મુલાકાત





Dakor, Gujarat, भारत
P4mr+4gv, Umreth Rd, Dakor, Gujarat 388220,
Lat 22.732923° Long 73.141434°
बुधवार, 08/07/2026 11:28 AM GMT +05:30
Dakor, Gujarat, भारत
P4mr+4gv, Umreth Rd, Dakor, Gujarat
Lat 22.732923° Long 73.141434°
बुधवार, 08/07/2026 11:30 AM GMT +05

# Mentorship Program






# શૈક્ષણિક પ્રવાસ











સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે

## ભવન્સ કૉલેજ, ડાકોરમાં તાજેતરમાં શૈક્ષણિક, આધ્યાત્મિક અને પ્રાકૃતિક પ્રવાસ યોજાયો

(અહેવાલ - હેમંત ભટ્ટ)

ભારતીય વિદ્યાભવન,ડાકોર કેન્દ્ર સંચાલિત ભારતીય વિદ્યા ભવન્સશ્રી ઈશ્વરલાલ એલ.પી - આર્ટસ સાયન્સ એન્ડ જે.શાહ કોમર્સ કોલેજના સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગ દ્વારા સંદેશર, વડતાલ અને મહેમદાબાદમાં સ્થિત સિદ્ધિ વિનાયકની મુલાકાતના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભવન્સ કોલેજ, ડાકોરના કા.આચાર્ય શ્રી ડૉ.ટી.આર. ત્રિવેદી,આર્ટસ સંયોજક ડૉ. એ.કે. ચૌધરી, આઈ.ક્યુ.એ.સી.સંયોજક ડૉ. સહજભાઈ ગાંધી, પી.જી. ઈન્ચાર્જ ડૉ.વિરલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.સંદેશરમાં સ્થિત મધ્યકાલીન કવિ પ્રીતમની સમાધી, મંદિર અને હસ્તપ્રતોને જોયા પછી, હિતુનભાઈ પટેલ, કનુભાઈ પટેલ અને પ્રમોદભાઈ વ્યાસે તેમજ ગુજરાતી વિષયના પ્રાધ્યાપિકા ડૉ.શિતલબેન માછીએ પ્રીતમના જીવન પ્રકવન, એમના સાહિત્ય વિશે વિગતે ચર્ચા કરી હતી. જે ભૂમિ આવા સાહિત્યકારની કર્મભૂમિ છે, એવી પવિત્ર ધરાના સ્પર્શની સૌએ ધન્યતા અનુભવી હતી. વડતાલમાં સ્થિત સ્વામિનારાયણ મંદિર અને જ્ઞાનબાગની મુલાકાત લીધી.અંતે મહેમદાવાદ આવેલ એશિયાનું મોટામાં મોટું મંદિર સિદ્ધિ વિનાયકની મુલાકાત લીધી હતી. આ શૈક્ષણિક, ધાર્મિક અને પ્રાકૃતિક પ્રવાસમાં ૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.આ સમગ્ર પ્રવાસનું આયોજન સ્નાતક ગુજરાતી વિભાગના અધ્યાપિકા ડૉ.શિતલબેન માછી અને અનુસ્નાતક વિભાગના અધ્યાપિકા રશ્મિકાબેન સોલંકી અને ડૉ.રાજેશ્વરીકુમારી ઠાકોરે કર્યું હતું. ભવન્સ કોલેજ, ડાકોર કેન્દ્રના માનદમંત્રી શ્રીમતી નિકિતાબેન ગાંધીએ આવા વિદ્યાર્થીઓના ચેતો વિસ્તાર કરતા પ્રવાસ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ભાષાશુદ્ધિ તાલીમકોર્ષ




ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર દ્વારા સંચાલિત

## કોમર્સ કૉલેજ ડાકોરમાં ભાષા શુધ્ધિ, તાલીમ કોર્ષ યોજાયો



ડાકોરમાં સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે ભાષા શુધ્ધિ, તાલીમ કોર્ષ યોજાયો હતો.

(તસ્વીર : મુકુંદ જોશી - ડાકોર)

ડાકોર, તા.૧૧

ભારતીય વિદ્યાભવન, ડાકોર કેન્દ્ર દ્વારા સંચાલિત ભારતીય વિદ્યા ભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ.પી. આર્ટ્સ-સાયન્સ એન્ડ જે. શાહ. કોમર્સ કોલેજ, ડાકોરમાં સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે ૨૦ કલાકના "ભાષા-શુદ્ધિ-તાલીમ કોર્ષ"નું આયોજન કરવામાં આવ્યું હતું.

જીવનના વિકાસમાં શબ્દ, ભાષા મહત્વનું પરિબળ છે. ભાષાની શુદ્ધતા વ્યકિતની શ્રેષ્ઠતાને દીપાવી શકે છે. ઉત્તમ ભાષા જ ઉત્તમ વિકાસ કરાવી શકે. વિદ્યાર્થીઓમાં ભાષા શુદ્ધિ અંગેની


### વિદ્યાર્થીઓને આગળ વધવાની શુભકામના પાઠવવામાં આવી


સમજ કેળવાય એવા હેતુસર આ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો તાજેતરમાં પૂર્ણાહુતિ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. જેનું સંચાલન ડૉ. શીતલ માછીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પી.જી. ઈન્ચાર્જ વિરલ પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવતા જણાવ્યું કે, હંમેશા 'યસ, આઈ કેન, આઈ વીલ ડુ'નો મંત્ર જીવનમાં ઊતારવો જોઈએ. આ સાથે વિદ્યાર્થીઓને તેમના હસ્તે પ્રમાણપત્રનું વિતરણ કર્યું હતું. આભારવિધી કરતા ડૉ. શીતલ માછીએ વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવાની શુભકામનાઓ પાઠવી હતી.


## વડાલીમાં મૃતકોના પ
## સગાને સહાય આપ

વડાવલીની ઘટનામાં મૃત્યુ પામેલ પરિવારજનોને મુખ્યમંત્રી રાહત ફં આપવા ચાણસ્મા ધારાસભ્યે મુખ્યમં હોવાનું જાણવા મળ્યું છે ત્યારે મુખ્ય પત્રમાં ચાણસ્માના ધારાસભ્યે જ ચાણસ્મા તાલુકાના વડાવલી ગામે ગા પગ લપસવાથી એક બાળક ડૂબેલ, બચાવવા જતાં પરિવારના અન્ય બી આ તળાવમાં ડૂબી ગયા હતા.

# અનુસ્નાતક વિભાગમાં વિવિધ ડે ની ઉજવણી






# અનુસ્નાતક વિભાગમાં વિવિધ ડે ની ઉજવણી









# અનુસ્નાતક વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમો






# અનુસ્નાતક વિભાગમાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમો









# અનુસ્નાતક વિભાગમાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમો






# અનુસ્નાતક વિભાગમાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમો






# અનુસ્નાતક વિભાગમાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમો








# અનુસ્નાતક વિભાગમાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમો





# વાર્ષિક ઉત્સવ કાર્યક્રમ







# વાર્ષિક ઉત્સવ કાર્યક્રમ





